# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,રાજપીપળા

એસ.ટી.બસ ડેપો પાછળ,શ્રી નવદુર્ગા હાઈસ્કુલની બાજુમાં,રાજપીપળા, જિ.નર્મદા.

E-mail:- dso-sycd-nrmd@gujarat.gov.in, dsdo-narmada@gujarat.gov.in


============================================================

જા.નં/જિ.ર.પ્ર.કે/રાજ્ય-ખેમકુ-આર્ચરી/૧૬૧ થી ૨૧૭/૨૦૨૫-૨૬ તા.૨૪/૦૧/૨૦૨૬

પ્રતિ,

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ

જિલ્લા રમતગમત અધિકારીશ્રી,તમામ

ગુજરાત રાજ્ય.

## સુધારા લેટર

વિષય:- ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અં-૧૭ અને ઓપનએજ વયજુથ આર્ચરી ભાઇઓ/બહેનોની સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ મોકલવા બાબત.

સંદર્ભ:- માન.ડાયરેક્ટર જનરલશ્રી એસ.એ.જી.ગાંધીનગરના પત્રક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત,ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી નર્મદા અને જિલ્લા રમતગમત અધિકારી નર્મદાની કચેરી દ્વારા આયોજિત ખેલમહાકુંભ ૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની અંડર-૧૭ અને ઓપન એજ વયજુથ ભાઇઓ/બહેનોની આર્ચરી સ્પર્ધાનું આયોજન જિલ્લા રમત સંકુલ(ધાબા ગ્રાઉન્ડ), રાજપીપલા,જિલ્લો-નર્મદા ખાતે તા.૦૬/૦૨/૨૦૨૬ થી તા.૧૧/૦૨/૨૦૨૬ દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંગેની આપના જિલ્લાની વિજેતા થયેલ ટીમની એન્ટ્રી તા.૦૨/૦૨/૨૦૨૬ સુધીમાં dsdo-narmada@gujarat.gov.in, dso-sycd-nrmd@gujarat.gov.in ઉપર ઇ-મેઇલ થી બિનચુક મોકલી આપવી તેમજ ખેલાડી/ટીમને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી.

## રાજ્યકક્ષા અંડર-૧૭, ઓપનએજ ભાઇઓ/બહેનોની આર્ચરી સ્પર્ધા કાર્યક્રમ

| ક્રમ | વય જુથ | રિપોર્ટીંગ તારીખ | આર્ચરી પેટા રમત | રિપોર્ટીંગ સમય | સ્પર્ધાની તારીખ | સ્પર્ધા સમય | રીપોર્ટીંગ/સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અંડર-૧૭ (ભાઇઓ/બહેનો) | ૦૬/૦૨/૨૦૨૬ | ૧.ઇન્ડિયન-રાઉન્ડ<br>૨.રીકર્વ<br>૩.કમ્પાઉન્ડ | સાંજે ૦૪:૦૦ કલાક સુધી | ૦૭/૦૨/૨૦૨૬ થી ૦૯/૦૨/૨૦૨૬ | સવારે ૦૭:૦૦ કલાકે | જિલ્લા રમત સંકુલ (ધાબા ગ્રાઉન્ડ), રાજપીપલા, જિલ્લો-નર્મદા |
| ૨ | ઓપનએજ (ભાઇઓ/બહેનો) | ૦૯/૦૨/૨૦૨૬ | ૧.ઇન્ડિયન-રાઉન્ડ<br>૨.રીકર્વ<br>૩.કમ્પાઉન્ડ | સાંજે ૦૪:૦૦ કલાક સુધી | ૧૦/૦૨/૨૦૨૬ થી ૧૧/૦૨/૨૦૨૬ | સવારે ૦૭:૦૦ કલાકે | |

**સંપર્ક નંબર : અતુલ વસાવા-૮૪૬૯૭૪૪૪૯૮**

**અશ્વિન વસાવા-૮૭૫૮૪૪૭૦૪૫**

## ❖ સ્પર્ધા અંગેની જરૂરી સૂચના

- ખેલાડીઓનું નિયત નમૂનામાં એલીજીબીલીટી ફોર્મ સાથે જે તે શાળાના સહિ સિક્કા તથા જે તે જિલ્લાના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીની સહી સાથેનું ઓરિજનલ એલીજીબીલીટી ૦૩ કોપી સાથે આધારકાર્ડ, જન્મનું પ્રમાણપત્ર અને શાળા બોનોફાઇટ સર્ટીફિકેટ રજુ કરવાનું રહેશે.
- ઓનલાઇન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
- આ સ્પર્ધા આર્ચરી એસોશીએશનના નીતિનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
- પ્રવાસ ખર્ચના નાણા મેનેજરના બેંક ખાતામાં RTGS થી ચુકવવામાં આવશે. જેથી કેન્સલ ચેક તથા બેંક એકાઉન્ટની વિગત સાથે લાવવાનું રહેશે, મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા સાથે આવવાનું રહેશે.
- સિધી યોજાતી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચુકવવાનો રહેતો નથી
- ટીમ સાથે કોચ અને મેનેજર તરીકેના બે વ્યક્તિના જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીશ્રીના સહીવાળા મેનેજર/કોચના ઓર્ડર લઈને આવવાનું રહેશે.
- જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે, સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે.
- રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ, મેનેજર અને સપોર્ટીંગ સ્ટાફ બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. (ટ્રાન્સપોર્ટની જવાબદારી ખેલાડીઓ તેમજ કોચ/મેનેજરશ્રીની પોતાની રહેશે, જેના માટે અત્રેની કચેરી જવાબદાર રહેશે નહી)
- બસ, રેલ્વે અને અન્ય ટ્રાન્સપોર્ટમાં જો મુસાફરી કરી ન હોય તેવા સંજોગોમાં આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
- જિલ્લામાંથી જતી ટીમ સાથે ખેલાડી, કોચ અને મેનેજર સિવાય અન્ય કોઇપણ બિન અધિકૃત વ્યક્તિને ટીમ સાથે લઇ જઇ શકશે નહી.
- જિલ્લામાંથી સ્પર્ધા સ્થળે તથા સ્થળથી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોંચ્યાંની જાણ વાલી તથા મેનેજર ધ્વારા સબંધિત આયોજક ને ટેલીફોનીક/લેખીત કરવાની રહેશે.
- ખેલાડીઓને રીપોર્ટીંગ કર્યા બાદ નિવાસ ફાળવવામાં આવશે.
- નિવાસ સ્થળે ડિપોઝિટ જમા કરાવવાની રહેશે, સ્પર્ધા પૂર્ણ થયા બાદ ડિપોઝિટ પરત કરવામાં/લેવાની રહેશે. અને સ્પર્ધા પૂર્ણ થયેથી તાત્કાલીક નિવાસ છોડવાનો રહેશે.

જિલ્લા રમત વિકાસ અધિકારી
અને
જિલ્લા રમતગમત અધિકારી
નર્મદા

**નકલ રવાના સવિનય જાણ સારૂ.**

(૧) માન. ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
(૨) માન. કલેકટરશ્રી, નર્મદા
(૩) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, નર્મદા
(૪) માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, નર્મદા
(૫) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૬) માન. મુખ્ય કોચશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૭) માન.સચીવશ્રી, રાજ્ય રમતગમત પરિષદ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૮) માન. ટીમ લીડર (ખેલ મહાકુંભ શાખા), સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર

(૯) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નર્મદા

(૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નર્મદા

(૧૧) માન.જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, નર્મદા (સ્પર્ધા સ્થળે મેડીકલ અને ૧૦૮ની ટીમ ઉપસ્થિત રાખવા માટે)

(૧૨) માન.નાયબ માહિતી નિયામકશ્રી, નર્મદા ( સ્પર્ધાની બહોળી પ્રસિધિ કરવા સારૂ.)

(૧૩) માન. પ્રમુખશ્રી/ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય આર્ચરી એસોશિએશન

(૧૪) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી ભાઇઓ/બહેનો ખેલ મહાકુંભ ૩.૦ આર્ચરી સ્પર્ધા

(૧૫) માન.પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા વ્યાયામ શિક્ષણ સંઘ, નર્મદા